# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/088 Dt. 05/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા ટેક્ષટાઇલ ઉદ્યોગ માટે SBC 3.0 – Textile Chapter લોન્ચ કરાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ટેક્ષટાઇલ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો માટે વિશિષ્ટ રૂપે SBC 3.0 – Textile Chapter શરૂ કરવામાં આવ્યું છે. મંગળવાર, તા. ૨૯ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સેમિનાર હોલ– એ, સરસાણા, સુરત ખાતે SBC Textile Chapter નો લોન્ચિંગ પ્રોગ્રામ યોજાયો હતો, જેમાં પાંડેસરા વિવર્સ કો–ઓપ. સોસાયટી લિમિટેડના પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી, કીમ પિપોદરા વિવર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી રસિક કોટડિયા અને ફેડરેશન ઓફ સુરત ટેક્ષ્ટાઇલ ટ્રેડર્સ એસોસીએશનના પ્રમુખ શ્રી કૈલાશ હકીમ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, SBC 3.0 – Textile Chapterનો ઉદ્દેશ ટેક્ષટાઇલ ઉદ્યોગ માટે વિશ્વસનીય નેટવર્ક ઊભો કરવાનો છે, જ્યાં સભ્યોને નવા બિઝનેસ કનેકશન્સ, વ્યવસાયિક માર્ગદર્શન, ઉદ્યોગની ઝીણવટભરી માહિતી તથા શીખવા માટે પ્લેટફોર્મ મળી રહે. આ ચેપ્ટર ખાસ કરીને ટેક્ષ્ટાઇલના ઉદ્યોગ સાહસિકોને ટેકનોલોજી, માર્કેટિંગ, નવું માર્કેટ એકસપ્લોરેશન અને સ્કીલ ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં પણ માર્ગદર્શન આપશે. આ ફોરમ ટેક્ષટાઇલ ક્ષેત્રના વ્યાવસાયિકો માટે એક અલગ ચેપ્ટરના સ્વરૂપે શરૂ કરવામાં આવ્યું છે, જેમાં વીવર્સ, યાર્ન ડિલર્સ, પ્રોસેસર્સ, ફેબ્રિક અને ગારમેન્ટ મેન્યુફેકચરર્સ તેમજ ટ્રેડર્સ જોડાઈ રહયા છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં નેટવર્કીંગના મહત્વ વિષે ઉદ્યોગ સાહસિકોને જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટેક્ષ્ટાઇલ ઉદ્યોગમાં આગળ વધવા માટે

મજબૂત નેટવર્કિંગ જરૂરી છે. ટેક્ષ્ટાઇલ ક્ષેત્રમાં ખાસ કરીને મજબૂત નેટવર્કથી નવા બજારોમાં પ્રવેશ શકય બને છે, બિઝનેસની તકો વિકસી શકે છે અને ઉદ્યોગકારો વચ્ચે પરસ્પર સહયોગ તથા માહિતીની આપ – લે દ્વારા બિઝનેસના વિકાસને વધુ ગતિ મળી શકે છે.

SBC (SGCCI Business Connect) ચેમ્બરની જ એક પહેલ છે, ત્યારે SBC 3.0 – Textile Chapterનો મુખ્ય ઉદ્દેશ ટેક્ષ્ટાઇલ્સના વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ વચ્ચે સક્રિય નેટવર્કિંગ પૂરું પાડવાનો અને વ્યવસાયિક સહયોગ આપવાનો છે. SGCCI છેલ્લા ૮૫ વર્ષથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વિવિધ ઉદ્યોગ – ધંધાઓના ડેવલપમેન્ટ હેતુ કાર્ય કરી રહયું છે અને SBC 3.0 – Textile Chapter પણ એ જ દિશામાં ટેક્ષ્ટાઇલના ઉદ્યોગ સાહસિકોને બિઝનેસમાં નવી તકો માટે કામ કરશે. આ નવી પહેલથી સુરતના ટેક્ષટાઇલ ઉદ્યોગને સ્થાનિકથી વૈશ્વિક સ્તર સુધી પહોંચાડવા તેમજ ઉદ્યોગકારોને ગ્લોબલી માર્કેટમાં સ્પર્ધાત્મક થવા માર્ગદર્શન મળશે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ શ્રી હિમાંશુ બોડાવાલા તથા ટેક્ષ્ટાઇલના ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી દિપકકુમાર શેઠવાલાએ SGCCI બિઝનેસ કનેકટની કામગીરી વિષે જાણકારી આપી હતી. SBCના એડવાઇઝર શ્રી તપન જરીવાલાએ SBC 3.0 – Textile Chapter લોન્ચિંગ પ્રોગ્રામનું સંચાલન કર્યું હતું. SBCના ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ ટેક્ષ્ટાઇલ ચેપ્ટર વિષે માહિતી આપી હતી. એડવાઇઝર શ્રી ચિરાગ દેસાઇએ ઉપસ્થિત લોકોના ટેક્ષ્ટાઇલ વિષેના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. જ્યારે એડવાઇઝર શ્રીમતી સ્નેહાબેન જરીવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.